ગાંધીનગર સમાચાર

ગાયબ થયેલા બસ સ્ટેન્ડને શોધતા મુસાફરો

@ગાંધીનગર

# દશેરા પહેલા જ શહેરીજનોને ફાફડા-જલેબીનું ઘેલું

## દરરોજ રાત્રે ગરબા પત્યા બાદ ખાણીપીણીની લારીઓ તથા દુકાનો પર ભીડ : દશેરા નજીક આવતા ફાફડા-જલેબી-ચોળાફળીના વેચાણમાં ધરખમ વધારો

ગાંધીનગર, તા.૯

નવરાત્રીનું સમાપન એટલે દશેરા અને દશેરા એટલે જાણે ફાફડા-જલેબી ઝાપટવાનો દિવસ. શહેરમાં તા. ૧૧મી ઓકટોબરે દશેરાનો તહેવાર ઉજવાશે પરંતુ શહેરીજનોએ તો અત્યારથી જ ફાફડા-જલેબી ઝાપટવાનું ચાલુ કરી દીધુ છે. દરરોજ રાત્રે નવરાત્રીના રાસ ગરબા પત્યાં બાદ તમામ નાગરિકો શહેરની ફાફડા-જલેબીની લારીઓ, દુકાનો વગેરે પર ભીડ જમાવી મોડી રાત્રી સુધી આરોગે છે.

શહેરમાં હાલ નવરાત્રી મહોત્સવ તેની ચરમસીમાએ છે. ખેલૈયાઓ મન મુકીને અવનવા પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને નવી નવી સ્ટાઈલથી ગરબે ઘુમી રહ્યાં છે. આ સાથે અનેક નગરજનો એવા છે જેઓને માત્ર ગરબા જોવાનો શોખ હોય છે અને ગરબા જોવા માટે તેઓ અડધી રાત સુધી ઉજાગરા કરતા હોય છે. ખેલૈયાઓને અવિરત અદમ્ય શકિતથી ગરબે ઘુમ્યા પછી કકડીને ભૂખ લાગતી હોય છે તેમ ગરબા જોવા જતા નાગરિકોને પણ મોડી રાતના ઉજાગરાને કારણે ભૂખ લાગે



છે. આમ તો નવરાત્રીમાં અનેક પ્રકારના નાસ્તાની જયાફતો ઉડે છે પરંતુ જેમ જેમ દશેરા નજીક આવે છે તેમ તેમ ફાફડા જલેબી પ્રત્યે ઝોક વધતો જાય છે. છેલ્લા બે ત્રણ નોરતાથી રાત્રે ખાણી પીણીના શોખીનો ફાફડા-જલેબીની લારીઓ, સ્ટોલ તથા દુકાનો પર ભીડ જમાવી રહ્યા છે આ સાથે ચોળાફળીનું પણ ચલણ એટલું જ જોવા મળી રહ્યું છે.

હવે નવરાત્રીમાં માત્ર ૧૨ વાગ્યા સુધી જ લાઉડ સ્પીકર્સની મંજુરીના કારણે ૧૨ વાગે રાસ ગરબા પુરા થઈ જાય છે પરંતુ નવરાત્રીમાં મોડી રાત્રી સુધી ઉજાગરા કરવા ટેવાયેલા નગરજનો ગરબા પત્યા બાદ ખાણી પીણી તરફ વળે છે. આ કારણે અત્યારે શહેરમાં ખાણી પીણીનો ધંધો કરનારા વેપારીઓ તથા ફરસાણના કારીગરો ખૂબ જ વ્યસ્ત જોવા મળી રહ્યા છે. હવે દશેરા આવી પહોંચતા આ વ્યવસાયિકોએ ગ્રાહકોની માંગ મુજબ હવે ફાફડા જલેબી પર વધુ ધ્યાન આપવાનું ચાલુ કરી દીધું છે શહેરમાં રાત્રે ગરબા પત્યા બાદ ખેલૈયાઓ અને તમામ નગરજનોની પહેલી પસંદ હવે ફાફડા-જલેબી અને ચોળાફળી બન્યા છે.

● માતૃશ્રી મુવી ઈન્ટરનેશનલ દ્વારા સ્કીલ ડેવલોપમેન્ટ આધારિત એકેડેમીક મનોરંજક ચિલ્ડ્રન ફિલ્મ 'મસ્તીખોર'નું મ્યુઝીક લોન્ચીંગ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે સાંજના ૫.૧૫ કલાકે શિક્ષણ મંત્રીના કાર્યાલયના બીજા માળે, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય ખાતે કરવામાં આવશે.

## જે.એમ. ચૌધરીની બાળાઓ સ્વચ્છતા અભિયાનની સ્પર્ધાઓમાં વિજેતા

ગાંધીનગર, તા. ૯

તાજેતરમાં સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેના અંતર્ગત ઉચ્ચત્તર અને માધ્યમિક વિભાગમાં બાળકવિ સ્પર્ધા, ગાયન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા તથા વાદન સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સેકટર-૭ની વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રથમ ક્રમાંકે અને દ્વિતીય ક્રમાંકે વિજેતા બન્યા હતા. વિજેતા બનેલી વિદ્યાર્થીનીઓએ શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

## ૧૯મીએ ટેલિફોન અદાલત યોજાશે

ગાંધીનગર, તા. ૯

બીએસએનએલ દ્વારા આગામી તા. ૧૯ ઓક્ટોબરના રોજ ટેલિફોન એક્સચેન્જ, સેક્ટર-૧૧ ખાતે બપોરના ૩.૦૦ કલાકે ટેલિફોન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની અરજી આગામી તા. ૧૭ ઓક્ટોબર સુધીમાં સબ ડીવિઝનલ એન્જિનીયર, ટેલિફોન એક્સચેન્જ, સેક્ટર-૧૧ ખાતે મોકલવાની રહેશે. તેમજ આ અરજીઓ ઈ-મેલ એડ્રેસ - Sdetgnr@gmail.com ઉપર પણ મોકલી શકાશે. તથા વધુ માહિતી મેળવવા માટે ફોન નં. ૦૭૯-૨૩૨-૨૭૦૦૦ અથવા ૦૭૯-૨૩૨-૨૨૪૦૮ ઉપર સંપર્ક કરવા પણ જણાવાયું છે.

## વાવોલ નજીક રેલ્વે ટ્રેક પર શાંતિ એક્સપ્રેસ નીચે એક યુવાન કપાઇ ગયો

ગાંધીનગર, તા. ૯

અમદાવાદ ખાતે વેજલપુર વિસ્તારમાં રહીને કેટરિંગનુ કામ કરતા ૨૨ વર્ષિય યુવાનનો આજે વાવોલ નજીક રેલ્વે ટ્રેક પર ટ્રેનની ટક્કરે કપાઇ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ઘટના અંગે રેલ્વે પોલીસને



જાણ થતા રેલ્વે પોલીસનાં જમાદાર નારણભાઇ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને ગુનો દાખલ કરીને ટુકડા થઈ ગયેલો મૃતદેહ પી.એમ માટે મોકલી ઘટના કેવી રીતે સર્જાઇ તે અંગે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આજે સવારનાં અરસામાં વાવોલ રેલ્વે ફાટક પાસે સડસડાટ જતી શાંતિ એકસપ્રેસ ટ્રેનની ટક્કરે ટ્રેક પરથી પસાર થઈ રહેલો એક યુવાન કપાઈ ગયો હતો. આ ઘટના અંગે પોલીસને જાણ થતા રેલ્વે પોલીસના જમાદાર નારણભાઇ તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. ટુકડા થઈ ગયેલા યુવાનનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરૂ કરતા આ યુવાન મુળ રાજસ્થાન ડુંગરપુર વિસ્તારનો અને હાલ અમદાવાદ વેજલપુર ખાતે રહેતો અને કેટરિંગનુ કામ કરતો ૨૨ વર્ષિય કેશરપુરી રામપુરી ગોસ્વામી હોવાનુ ખુલ્યુ છે. આ યુવાન અમદાવાદથી વાવોલ ખાતે કેમ આવ્યો હતો તે રહસ્ય હજુ અકબંધ છે. આ બાબત જાણવા તથા ઘટના કેવી રીતે સર્જાઇ તે સહિતની વિગતો બહાર લાવવા રેલ્વે પોલીસે ઉંડી તપાસ આરંભી છે.

## સે-૮ માં રહેતા હોટલ ફોર્ચ્યુનનાં કુકનું કોઈ કારણોસર મૃત્યુ

ગાંધીનગર શહેરનાં સે-૧૧ ખાતે સ્થિત હોટલ ફોર્ચ્યુનનો થોડોક સ્ટાફ સે-૮ પ્લોટ નં.૩૩૯ ખાતે રહે છે. રાત્રે દોઢેક વાગ્યાનાં અરસામાં ઘરે સુઇ ગયેલા સ્ટાફનાં માણસો પૈકી એક ૩૭ વર્ષિય કુક ઉભો થઇ ગયો અને અસહ્ય છાતીનો દુખાવો થતો હોવાની વાત સ્ટાફને કરી હતી. તાત્કાલીક સ્ટાફનાં માણસો તે કુક રાકેશ સુખલાલ રાઠોડને લઈને સારવાર કરાવવા હોસ્પિટલ લઇ ગયા હતા. જો કે ત્યા સુધીમાં તે કુકનું પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતુ. સે-૭ પોલીસે મૃતદેહ પી.એમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. જો કે મૃત્યુનુ કારણ હજુ જાણવા મળ્યુ નથી

## ગાંધીનગરમાં રાજપૂત સમાજ દ્વારા વિજયાદશમી ઉજવાશે

ગાંધીનગર, તા.૯

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર અને શ્રી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ૪૧મો વિજયાદશમી મહોત્સવ ૧૧-૧૦-૨૦૧૬ને મંગળવારે સવારે ૯.૩૦ કલાકે બા શ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત ભવન સે-૧૨ ગાંધીનગર ખાતે શાસ્ત્રપૂજન અને સરસ્વતી પૂજન તેમજ મહાઆરતીનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, પેથાપુર મહાનગર પાલિકાના પ્રમુખ રણજીતસિંહ વાઘેલા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પ્રવકતા જયરાજસિંહ પરમાર, એડવોકેટ કરણસિંહ વાઘેલા, બિલ્ડર રાજનસિંહ ચાવડા, ક્ષત્રિય મહાસભાના પ્રમુખ કરણસિંહ ચાવડા, ઉદ્યોગપતિ સર્વદમનસિંહ વાઘેલા, અજીતસિંહ વાઘેલા, સૂર્યસિંહ ડાભી, પ્રદ્યુમનસિંહ વાઘેલા, પ્રદીપસિંહ વાઘેલા વિગેરે હાજર રહેશે તેમ સમાજના પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણા તેમજ પ્રમુખ વિક્રમસિંહ ગોલ પ્રચાર સમિતિના વિનોદસિંહ રાઠોડે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

વાતવાતમાં

● શહેરમાં શહેરીજનોના ઉજાગરાને કારણે નવરાત્રીના રવિવારનો ખુબ શુષ્ક પ્રારંભ થયો હતો. જો કે શહેરની શાળાઓમાં વનવિભાગની જગ્યાઓ માટે પરીક્ષા યોજાઈ હોવાથી બહારગામથી પરીક્ષાર્થી ઉમેદવારોના ધાડા ઉતરી આવ્યા હોવાથી શાળાઓની આસપાસ ધમધમાટ જોવા મળ્યો હતો.

● શહેરના પાદરે ધોળાકુવાનો ગબ્બર દર્શનાર્થીઓને ખુબ આકર્ષી રહ્યો છે. ગબ્બરને નિહાળવા ગાંધીનગર ઉપરાંત અન્યત્ર સ્થળેથી પણ મુલાકાતીઓ પરિવાર સહિત આવી રહ્યા છે.

● શહેરમાં દશેરા નિમિત્તે ફાફડા-જલેબી-ચોળાફળીના સ્ટોલ-મંડપ ઉભા થઈ ગયા છે. જો કે કારમી મોંઘવારીમાં માત્ર તહેવારના ક્રેઝનો લાભ ઉઠાવી ગ્રાહકોને એક દિવસમાં ઉંચા ભાવ વસુલી ખંખેરી લેવાની વેપારી નીતિ પ્રત્યે અસંતોષ જોવા મળી રહ્યો છે.

● શહેરની શાળાઓમાં પરીક્ષાઓ પૂર્ણ થઈ જતા મીની વેકેશનનો માહોલ છવાયો છે. બાળકોએ હવે દિવાળી વેકેશનમાં કયાં જવું તે અંગેના આયોજનો પણ વિચારવા માંડયા છે.

## ઘ-૫ પાસે આઈશરમાં જુગાર રમતા પાંચ શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરનાં હાર્દસમા વિસ્તાર ઘ-૫ નજીક કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી સે-૨૧ પોલીસને મળતા પોલીસે દરોડો પાડીને આઈશર ટ્રકમાંથી પાંચ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ દબોચી લીધા હતા. શહેરનાં સે-૧૬ ફુડ કોર્ટ નજીક એક ખુણામાં પડેલી આઈશર ટ્રકમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલીસની ટીમે શુક્રવારે મોડી સાંજે દરોડો પાડીને પાંચ ડ્રાઈવરોને રંગે હાથ જુગાર રમતા પકડી પાડ્યા હતા. આઈશર ટ્રકમાં પાંચ શખ્સો જુગાર રમી રહ્યા હતા તે ડ્રાઈવરો હોવાનુ ધ્યાને આવ્યુ છે. પોલીસે સે-૧૪ ગોકુળપુરા ખાતે રહેતા લાલજી શાદુલ ભરવાડ, સે-૧૫ ફતેપુરામાં રહેતા તખુ જેસંગ ઠાકોર, સે-૨ સી પ્લોટ નં.૯૬૭/૨ ખાતે રહેતા બળદેવ લઘરા ઠાકોર, સે-૨૨ વૃન્દાવન પાર્ક પ્લોટ નં. ૪૮૯/૧ ખાતે રહેતા મહેશ ચુની પટેલ અને સે-૨૨ બ્લોક નં. ૧૦૮/૫ ખાતે રહેતા જીતેન્દ્ર શિવમોહન યાદવ મળીને પાંચેય ડ્રાઈવરોને જુગાર રમતા પકડી પાડીને તેમની સામે જુગારધારાના ગુના હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૧૧,૬૦૦, અંગ જડતીમાંથી રોકડ રૂ.૧૪,૨૦૦ મળી કુલ રોકડ રૂ.૨૫,૮૦૦ અને રૂ.૨,૫૦,૦૦૦ની કિંમતની આઈશર ટ્રક મળીને કુલ રૂ.૨,૭૫,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાહ પ્રમાણિકતા..!! મળેલો મોબાઈલ ફોન માલિકને પરત કર્યો

ગાંધીનગર, તા. ૯

આજના યુગમાં સોશ્યલ મિડીયા પર પ્રમાણિકતા, વિશ્વાસ અને સદાચાર રહ્યા નથીની કાગારોળ તો ખૂબ મચાવાય છે અને એવુ ભાસ કરાવાય છે કે જાણે દુનિયામાં હવે નૈતિકતા વધી જ નથી. જો કે ગાંધીનગરના ઉદ્યોગભવનમાં કાર્યરત એક કર્મચારીએ પોતાને મળેલ કિંમતી મોબાઈલ તેના માલિકને પરત કરી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

ગઈકાલે સાંજે આશરે ૬.૪૫ કલાકે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ઝોનલ ઓફિસના પરિસરમાંથી બેંકના નિવૃત્ત અધિકારી અશોકભાઈ રીહાણી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમને એવુ અનુભવાયું કે તેમનો મોબાઈલ ફોન તેમના ખિસ્સામાં નથી. આથી તેમણે પરિસરમાં તથા પોતાના સ્કૂટરની ડિકી વગેરેમાં મોબાઈલ અંગે તપાસ કરી. આ દરમ્યાન તે અંગે બધાને પુછપરછ પણ કરી છતાં મોબાઈલ ફોનની કોઈ ભાળ મળી નહી. અંતે તેઓ પોતાના ઘરે ગયા જ્યાં તેમના પત્નિએ માહિતી આપી કે તેમના મોબાઈલ ફોન પર ઉદ્યોગભવનમાં કાર્યરત કોઈ હસમુખભાઈ દત્તનો ફોન આવ્યો હતો. તેમણે મોબાઈલ ફોન તેમની પાસે હોવાનુ જણાવી સેક્ટર-૨૧માં લક્ષ્મી બેકરી પાસે આવી લઈ જવા જણાવ્યુ હતુ. આ સાંભળી અશોકભાઈ તુરંત સે. ૨૧માં ધસી ગયા હતા જ્યાં હસમુખભાઈએ તેમને ફોન પરત કરતા તેમની પ્રમાણિકતા પર ગદ્‌ગદ્ થઈ ગયા હતા. તેમણે હસમુખભાઈ પ્રત્યે ખૂબ આભારની લાગણી વ્યક્ત કરી હતી.



કબડ્ડી વર્લ્ડ કપ ૨૦૧૬માં આપણા ભારત દેશને પ્રોત્સાહીત કરવા ગાંધીનગર કુડાસણ સ્થિત 'અક્ષત એવન્યુ' ખાતે કબડ્ડીની રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. પંદર વર્ષ સુધી અને પંદર વર્ષથી વધુ વયના સ્થાનિકો માટે કબડ્ડીનું આયોજન 'સ્ટાર સ્પોર્ટસ' દ્વારા કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, બરોડા, સુરત અને રાજકોટમાં પણ આ પ્રકારની કબડ્ડીનું આયોજન કરવામાં આવ્યું છે. જે દ્વારા આપણી ભારતીય રમત 'કબડ્ડી'નો પ્રચાર થાય અને વર્લ્ડકપ ૨૦૧૬માં ભારત વિજેતા બને તે શુભેચ્છા આપવા આયોજન કરવામાં આવ્યું હતું.

## ગાયબ થયેલા બસ સ્ટેન્ડને શોધતા મુસાફરો

### સે. ૨૨/૨૯નું બસ સ્ટેન્ડ વર્ષોથી ગાયબ..!!! : મુસાફરોને હાલાકી છતાં તંત્રની ઉદાસિનતા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં ગત વાઈબ્રન્ટ સમિટ નિમિત્તે શહેરનું બ્યુટિફિકેશન હાથ ધરાયું હતું. જેમાં શહેરના મોટા ભાગના બસ સ્ટેન્ડને નવપલ્લવિત કરાયા હતા. જો કે આ કાર્યમાં સેક્ટર-૨૨/૨૯નું બસ સ્ટેન્ડ ભુલાવી દેવામાં આવ્યું હતું. હાલ નવી વાઈબ્રન્ટ સમિટની તૈયારીઓ હાથ ધરવામાં આવી છતાં હાલત એ છે કે સે. ૨૨/૨૯ના બસ સ્ટેન્ડનું કોઈ જ અસ્તિત્વ વધ્યું નથી જેના કારણે અહીંના મુસાફરોને રોજેરોજ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સેક્ટર-૨૨/૨૯નું બસ સ્ટેન્ડ એ શહેરના જુના સેક્ટર વિસ્તારમાં આવ્યું હોવા છતાં તેના પ્રત્યે સેવાનુ દુર્લક્ષ આશ્ચર્ય પમાડે તેવું છે. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં અપડાઉન કરતા કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ આ બસ સ્ટેન્ડનો ઉપયોગ કરતા હતા અને અત્યારે પણ બસ સ્ટેન્ડનું અસ્તિત્વ નથી છતાં તે સ્થળનો ઉપયોગ કરાય છે. જો કે હાલ બસ સ્ટેન્ડનું માળખુ જ ના હોવાથી વિવિધ મૌસમમાં મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સત્વરે આ ગાયબ થયેલ બસ સ્ટેન્ડ તૈયાર કરાય તે માટે મુસાફર જનતામાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.



**શેરી ગરબામાં યોજાઈ મહાઆરતી :** આદ્યશકિતની આરાધનાનું પર્વ નવરાત્રી તેના અંતિમ ચરણમાં છે. અંતિમ ચરણમાં આઠમનું વિશેષ મહત્વ હોય છે. નવરાત્રીની આઠમને હવનાષ્ટમી તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે ઠેર ઠેર હોમ હવન યોજાય છે. તથા મહાઆરતી કરવામાં આવે છે. શેરી ગરબામાં આરતી માટે બોલાતા ચઢાવામાં આઠમની આરતીનો ચઢાવો સૌથી ઊંચો બોલાય છે. જો કે વાવોલની દ્વારકેશ રેસીડેન્સીમાં આરતીનો ચઢાવો બોલવાની પ્રથા નથી. અહીં આ નવરાત્રીના આઠમા દિવસે 'મહાઆરતી' યોજવામાં આવી હતી. જેમાં સોસાયટીના તમામ સભ્યોએ હાથમાં દિવડા લઈ આદ્યશકિત મા જગદંબાની ભકિતભાવપૂર્ણ આરતી ઉતારી હતી.

## ગાંધીનગર હોસ્પિટલમાં કર્મચારીઓ માટે ત્રિદિવસીય મેડીકલ કેમ્પનું આયોજન

### તા.૧૩, ૧૪ અને ૧૫ ઑક્ટોબરના રોજ અધિકારીઓ તેમજ કર્મચારીઓ માટે સર્વ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર સિવિલ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા વર્ગ ૧ થી ૪ ના અધિકારીઓ તેમજ કર્મચારીઓ માટે હોસ્પિટલ દ્વારા તા.૧૩, ૧૪ અને ૧૫ ના રોજ સવારે સર્જીકલ ઓપીડી વિભાગમાં સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. હોસ્પિટલમાં ફરજ બજાવતા અધિકારીગણ તેમજ કર્મચારીગણને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત હોસ્પિટલમાં કાર્યરત કર્મચારીઓના આરોગ્યને અનુલક્ષીને મેડીકલ કેમ્પનું આયોજન હોસ્પિટલ તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. આ સર્વરોગ નિદાન કેમ્પ નવા બિલ્ડીંગની સર્જીકલ ઓપીડી વિભાગના રૂમ નં-૧૩૭ અને ૧૩૮માં રાખવામાં આવેલ છે. જેમાં પ્રથમ દિવસે માત્ર કલાસ વન અને ટુ કક્ષાના અધિકારીઓ માટે જયારે દ્વિતિય દિવસે વર્ગ-૩ અને ૪ ના તમામ કર્મચારીઓ માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે તા.૧૫ ના રોજ કોઈ કારણોસર જેતે દિવસે હાજર ન રહી શક્યા હોય તે તમામ અધિકારીગણ તેમજ કર્મચારીગણ કેમ્પનો લાભ લઈ શકશે. આ કેમ્પમાં બ્લડ સુગર, બ્લડપ્રેશર, બી.એમ.આઈ., ઈ.સી.જી., સહિત ફીઝીશીયન ચેકઅપ કરવામાં આવશે. હોસ્પિટલના તબિબિ અધિક્ષક ડો. બિપિન નાયક અને આરએમઓ ડો. કલ્પેશ શાહ દ્વારા કેમ્પને ખુલ્લો મુકવામાં આવશે. જયારે આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડો. અરુણ વ્યાસ તેમજ જીએમઈઆરએસના ડો. જે.જી.બુચ ખાસ ઉપસ્થિત રહેશે. સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લેવા માટે હોસ્પિટલ તંત્ર દ્વારા દરેક અધિકારી તેમજ કર્મચારીઓને અનુરોધ કરવામાં આવે છે.

# આજે અંતિમ સ્વરૂપા મા સિધ્ધિ દાત્રીનું પૂજન

## ભકિત અને શકિતના અખુટ ભંડારથી ભરચક એવું મંગલપર્વ નવરાત્રીનું હોમ-હવન અને નૈવેદ્યના પ્રસંગો સાથે ભાવભર્યું સમાપન થશે

ગાંધીનગર, તા.૯

સકળ જગતની જનની મા જગદંબાની આરાધનાનું પર્વ આજે નવમા અને અંતિમ સ્વરૂપના પૂજન અર્ચન સાથે ભાવભર્યુ સમાપન થશે. આઠમના હોમહવનમાં માતાજીના મંત્રોચ્ચારનો પ્રચંડ ધ્વનિએ સાધકોને મજબૂત મનોબળ પૂરો પાડયું છે તેમજ શ્રીફળરૂપી હોમ કરી સાધકોએ માતાજીની અસીમ કૃપા પ્રાપ્ત કર્યાનો અનુભવ કર્યો હતો. આજે નવમા સ્વરૂપ મા સિધ્ધિ દાત્રીનું પૂજન કરી માતાજીને નૈવેધ ધરાવી સહ પરિવાર પ્રસાદ લઈ તન-મન અને ધનના આશીર્વાદ મેળવશે. નવ દિવસ દરમિયાન માતાજીના ગુણલાં ગાઈ પોતીકાનો ભાવ ઉત્પન્ન કરનાર સાધક આજે મા જગદંબાને ભાવભરી અને શ્રધ્ધાપૂર્વક વિદાય આપી સમાપન કરશે.

નવરાત્રીની રાત્રી અને દિવસ આદ્યશકિતના જપ-તપ અને વ્રત સહિતના શકિત અને ભકિત સાધકો દ્વારા લાગલગાટ કરવામાં આવી છે. જેથી પર્વ રોશની અને ઝાકમઝોળ વચ્ચે ધર્મમય બની ગયું હતું. આજે આ પર્વના અંતિમ દિવસે મા દુર્ગાના નવમા સ્વરૂપ 'સિધ્ધી દાત્રી'નું પૂજન કરાશે. દેવી દુર્ગાના આ સ્વરૂપને નવ દુર્ગાઓમાંથી સૌથી શ્રેષ્ઠ અને મોક્ષ પ્રદાન કરવાવાળી દેવી તરીકે પૂજવામાં આવે છે. જે ભકતોને તમામ પ્રકારની સિદ્ધિઓ પ્રદાન કરે છે. માના આ સ્વરૂપની પૂજા દેવ, યક્ષ, કિન્નર, દાનવ, ઋષિમુનિ, સાધક અને સંસારી નવરાત્રીના નવમા દિવસે કરે છે. જગદંબાના આ રૂપની પૂજાથી યશ, બળ અને ધનની પ્રાપ્તિ થાય છે અને માતાજી ભકતને અષ્ઠ સિધ્ધીઓ પ્રદાન કરે છે.

માર્કેન્ડય પુરાણ અનુસાર અણિમા, મહિમા, ગરિમા, લધિયા, પ્રાપ્તિ, પ્રકામ્ય, ઈશિત્વ અન વશિત્વ આ આઠ સિધ્ધીઓની દૈવી સિધ્ધિ-



દાત્રી ગણાય છે. દેવી પુરાણ અનુસાર ભગવાન શિવે પણ આ દેવીની કૃપાથી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી અને માતાજીની અનુકંપાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું થયું હતું અને સંસારમાં શિવ અર્ધનારીશ્વરના નામથી પ્રસિધ્ધ થયા હતા. માતા સિધ્ધિદાત્રી ચાર ભૂજાઓવાળી છે અને સિંહ તેમનું વાહન છે. કમળપુષ્પ ઉપર માતાજી બિરાજમાન છે. માતાજીના હાથોમાં શંખ, ચક્ર, ગદા, કમળપુષ્પ છે જેથી સરસ્વતીના સ્વરૂપે પણ પુજાય છે જે સફેદ વસ્ત્રોમાં મહાજ્ઞાન અને મધુર સ્વરથી ભકતોને સંમોહિત કરે છે. મધુ કૈટલ્યને મારવા માટે માતાજીએ મહામાયા ફેલાવી હતી અને અલગ અલગ રૂપો ધરી રાક્ષસોનો વધ કર્યો હતો. મા સિધ્ધિ દાત્રી ભગવાન વિષ્ણુની અર્ધાંગિની છે અને નવરાત્રીની અધિષ્ઠાત્રી છે.

આજે માતાજીના પૂજન અર્ચન આરતી પછી નૈવેધ ધરાવી વિસર્જન વિધિ કરાશે અને ભકતો ભારે હૈયે માતાજીને ભાવભીની વિદાય આપશે. માતાજીની ભકિત કરનારનું જીવન મંગલમય બની સુખ શાંતિ અને વૈભવના માલિક બનવાના સંજોગો ઉભા થાય છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર ઉદાજી ગલાજી, ઉ.વ. ૨૮
- સ્વ. જયંતિભાઈ ગંગારામભાઈ વાઘેલા, ઉ.વ. ૫૦
- સ્વ. કરશનભાઈ સાકરભાઈ ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. પાલીબેન ભલાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૯૦
- સ્વ. વાઘેલા કલ્યાણસિંહ જેસંગજી, ઉ.વ. ૬૫